# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫૭ તા.૧૪-૦૯-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- શાળાકક્ષાએ રમત-ગમત અને તેને સંલગ્ન પ્રવૃત્તિઓ માટે નોડલ ટીચરની માહિતી આપવા બાબત.

સંદર્ભ :- એસએસએ/કયુઈએમ/૨૦૨૦-૨૧/૩૧૪૭૭-૪૮૫ તા.૧૧-૦૯-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે રમતગમત ક્ષેત્રે વિકાસ, રમત ગમતની સંસ્કૃતિને પ્રોત્સાહિત કરવા તેમજ સુનિયોજીત માળખા દ્વારા પ્રતિભાને ઓળખી બહાર લાવવા માટે ભારત સરકારના સ્પોર્ટસ મંત્રાલય દ્વારા ખેલો ઈન્ડિયા રાષ્ટ્રીય કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ છે. ખેલો ઈન્ડિયાના અગત્યના પાસાઓ પૈકી શાળાએ જતા બાળકોને શારીરિક તંદુરસ્તીએ અગત્યનું પાસુ છે. તમામ શાળાઓમાં રમત ગમતના સાધનો પુરા પાડવામાં આવેલ છે. આ સાથે સામેલ બિડાણ પત્ર મુજબ દરેક શાળામાં રમત-ગમત અને તેને સંલગ્ન પ્રવૃત્તિઓ માટે એક નોડલ શિક્ષકની નિમણૂંક કરવા જણાવેલ છે. તો તા.૧૫-૦૯-૨૦૨૦ સુધીમાં બિડાણ પત્રમાં દર્શાવેલ લીંક ઉપર માહિતી ભરી સબમીટ કરવાની રહેશે.

નિમણૂંક કરેલ નોડલ શિક્ષકનું નામ સી.આર.સી.કો.ઓર્ડિનેટરને તા.૧૬-૯-૨૦૨૦ સુધીમાં મોકલી આપવાનું રહેશે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૧૪-૦૯-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

પી ભારતી (IAS)
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર
એસપીઓ, એસએસ

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રીની કચેરી,
સમગ્ર શિક્ષા, સેકટર–૧૭, ગાંધીનગર.
ફોન નં.૦૭૯–૨૩૨૩૨૪૧૩
e-mail : - spdssaguj@gmail.com
Toll Free No.1800-233-7965

**પત્રક્રમાંક : એસએસ/QEM/૨૦૨૦–૨૧/** ૩૨૪૪૭ - ૩૨૪૮૫ **તા. ૧૧/૯/૨૦૨૦**

**પ્રતિ,**
**જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને**
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી**
**જિલ્લા પ્રોજેકટ કચેરી, એસએસએ,**
**જિલ્લા :** તમામ.
**શાસનાધિકારીશ્રી :** અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત.

**વિષય : શાળા કક્ષાએ રમત–ગમત(સ્પોર્ટસ) અને તેને સંલગ્ન પ્રવૃત્તિઓ માટેના નોડલ ટીચરની માહિતી આપવા બાબત.**

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, રમત–ગમત ક્ષેત્રના વિકાસ, રમત–ગમતની સંસ્કૃતિને પ્રોત્સાહીત કરવા તેમજ સુનિયોજીત માળખા ધ્વારા ગ્રામ્ય સ્તરની પ્રતિભાને ઓળખી બહાર લાવવા માટે ભારત સરકારના સ્પોર્ટસ મંત્રાલય ધ્વારા ડીસેમ્બર–૨૦૧૭થી રાષ્ટ્રીય કાર્યક્રમ 'ખેલો ઈન્ડીયા' શરૂ કરવામાં આવેલ છે. ખેલો ઈન્ડીયાના અગત્યના પાસાઓ પૈકી 'શાળાએ જતા બાળકોની શારીરિક તંદુરસ્તી' એ મહત્વનું પાસુ છે.

રાજયની સરકારી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકો અને કાર્યરત શિક્ષકોની શારીરિક તંદુરસ્તી જળવાય અને શાળા કક્ષાએ આયોજનબદ્ધ રમતો અને તેને સંલગ્ન પ્રવૃત્તિઓ ધ્વારા બાળકોની વિશિષ્ટ શકિતઓનો વિકાસ થાય, બાળકોમાં રહેલી રમત–ગમત પ્રત્યેની આગવી પ્રતિભાને ઓળખી તેને સાચી દિશામાં આગળ વધારી એક આદર્શ રમતવીર બનવા તરફ દોરી શકાય, તેમજ બાળકોમાં શારીરિક ક્ષમતાની સાથોસાથ વિવિધ ગુણો વિકાસે અને તેનો લાભ સાક્ષરી વિષયોના અભ્યાસમાં મળે તે આવશયક છે. આ માટે હાલમાં જ તમામ શાળાઓમાં રમત–ગમતના સાધનો પૂરા પાડવામાં આવેલ છે. આ માટે શાળા કક્ષાએ રમત–ગમત અને તેને સંલગ્ન પ્રવૃત્તિઓ માટે શાળાના શિક્ષકો પૈકી આ પ્રકારની કામગીરી સાથે સંકળાયેલ(સી.પી.એડ/બી.પી.એડ/ડી.પી.એડ/એમ.પી.એડ) અથવા આ પ્રકારની પ્રવૃત્તિઓ કરવા તૈયાર હોય તેવા એક શિક્ષકને નોડલ શિક્ષક તરીકે નિયુકત કરવાના થાય છે.

ઉપરોકત બાબતોને ધ્યાને લઈ આપના જિલ્લાની તમામ સરકારી પ્રાથમિક શાળાઓને રમત–ગમત અને તેને સંલગ્ન પ્રવૃત્તિઓ માટે એક નોડલ શિક્ષકની નિમણૂંક કરવા, તેમજ નિમવામાં આવેલ નોડલ શિક્ષકની વિગતો નીચે આપવામાં આવેલ લીક(ઈ–મેઈલ મારફતે પણ લીક મોકલી આપવામાં આવેલ છે) આધારીત ગુગલ ફોર્મમાં જે–તે શાળાના મુખ્ય શિક્ષકશ્રી ધ્વારા <u>તા.૧૫/૯/૨૦૨૦ સુધીમાં</u> ભરીને મોકલી આપવા આપની કક્ષાએથી જરૂરી સુચના આપવા જણાવવામાં આવે છે.

https://docs.google.com/forms/d/e/1FAIpQLSdFVJWBtpuT-SfyLXVUufU2DRgPpr9F11hTDvVi2QngQrZs3g/viewform?usp=sf_link

ગુગલ લીક ધ્વારા મોકલી આપવામાં આવેલ ફોર્મમાં દરેક વિગતો જરૂરી ચોકસાઈ સાથે ભરવામાં આવે, તેમજ તમામ વિગતો ભરાઈ ગયા પછી ફોર્મ સબમીટ કરવુ જરૂરી છે. એકવાર ફોર્મ સબમીટ થઈ ગયા પછી તેમાં કોઈ સુધારો કે ફેરફાર થઈ શકશે નહિ, જેની ખાસ નોંધ લેશો.

**(પી ભારતી)**

**નકલ સવિનય રવાના :**
– માન.સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ, બ્લોક નં.૫/૭, સચિવાલય, ગાંધીનગર.
**નકલ રવાના :**
– નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં.૧૨/૧લો માળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૫૭ -A તા.૧૪-૦૯-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- એનર્જાઈઝડ ટેક્ષબુકમાં આપેલ ઈ-મટિરિયલને રેટીંગ આપવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : જીસીઈઆરટી/DIKSHA/૨૦૨૦/૧૦૮૩-૧૧૨૩ તા.૧૦-૦૯-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ગુજરાતી માધ્યમ માટે ધોરણ ૩ થી ૮ના તમામ વિષયો (ધોરણ-૮ સામાજિક વિજ્ઞાન સિવાય) પાઠયપુસ્તકોમાં QR કોડ મુકીને એનર્જાઈઝડ ટેક્ષબુક તરીકે તૈયાર કરવામાં આવેલ છે. આ સાથે સામેલ બિડાણ પત્રમાં દર્શાવેલ લીંક ઉપર જે-તે વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા વાલીઓને અધ્યયન-અધ્યાપનમાં મદદરૂપ થઈ શકે તે ઉદ્દેશથી લીંક આપવામાં આવેલ છે. પાઠયપુસ્તકમાં આપવામાં આવેલ QR કોડને સ્કેન કરી તેમાં જોડાયેલ ઈ.મટિરિયલને DIKSHA પ્લેટફોર્મ પર આપવામાં આવેલ ફોર્મેટમાં રેટીંગ કરી જરૂર જણાય ત્યાં કેવા પ્રકારનું ઈ.મટિરિયલ હોવું જોઈએ તે અંગેની વિષયવાર ટિપ્પણી તૈયાર કરી સી.આર.સી.કો.ઓર્ડિનેટરને તા.૨૫-૯-૨૦૨૦ સુધી જમા કરાવવાની રહેશે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૧૪-૦૯-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંક: જીસીઈઆરટી/DIKSHA/2020/1083-1123
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, સેક્ટર-12,
ગાંધીનગર,
ફોન:(079) 23256808,
ઈ મેઈલ:- gcert12@gmail.com,Web :
www.gcert.gujarat.gov.in
તારીખ: 10/09/2020

પ્રતિ,

– જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ

– શાસનાધિકારીશ્રી, તમામ

**વિષય – એનર્જાઇઝ્ડ ટેક્ષબુકમાં આપેલ ઇ–મટિરિયલને રેટિંગ આપવા બાબત.**

સવિનય જણાવવાનું કે રાજ્યમાં ગુજરાતી માધ્યમ માટે ધોરણ 3 થી 8 ના તમામ વિષયોના (ધોરણ 8 સામાજિક વિજ્ઞાન સિવાય) પાઠ્યપુસ્તકોમાં QR Codes મૂકીને એનર્જાઇઝ્ડ ટેક્ષબુક (ETB) તરીકે તૈયાર કરવામાં આવેલ છે. આ ETB માં આપવામાં આવેલ ઇ–મટિરિયલ જે તે ધોરણના વિદ્યાર્થીઓ, વિષય શિક્ષકો તેમજ વાલીઓને અધ્યયન–અધ્યાપનમાં મદદરૂપ થઇ શકે તે ઉદ્દેશથી લીંક કરવામાં આવેલ છે. આથી, આ ઇ–મટિરિયલની ગુણવત્તા, ઉપયોગીતા તેમજ પ્રસ્તુતિકરણમાં સહજતા હોવી ખૂબ જરૂરી છે. આ સંદર્ભે આપશ્રીને જણાવવાનું કે આપના જિલ્લામાં કાર્યરત તમામ શિક્ષકોને તેઓ જે ધોરણમાં અધ્યાપન કાર્ય કરાવે છે તે ધોરણના સંલગ્ન વિષય/વિષયોના પાઠ્યપુસ્તકોમાં આપવામાં આવેલ QR Codesને **સ્કેન કરી તેમાં જોડાયેલ ઇ–મટિરિયલને DIKSHA પ્લેટફોર્મ પર આપવામાં આવેલ ફોર્મેટમાં રેટિંગ કરી મૂલ્યાંકન કરી આપે.** આ ઉપરાંત તેઓ જરૂર જણાય ત્યાં કેવા પ્રકારનું ઇ–મટિરિયલ હોવું જોઇએ તે અંગેની વિષયવાર ટિપ્પણ તૈયાર કરીને તેમના સી.આર.સી.કૉ.ને તા. 25 સપ્ટેમ્બર, 2020 સુધીમાં જમા કરાવશે.

દરેક સી.આર.સી.કૉ. તેમના કલસ્ટરની તમામ શાળાઓ દ્વારા આ કામગીરી કરવામાં આવેલ છે તેની ચકાસણી કરી તેની વિષયવાર વિગત બી.આર.સી.કૉ.ને તા.28મી સપ્ટેમ્બર, 2020 સુધીમાં આપશે. દરેક બી.આર.સી.કૉ. તેમના તમામ કલસ્ટરની વિગત એકત્ર કરી જિલ્લાના ડાયટને તા. 30મી સપ્ટેમ્બર, 2020 સુધીમાં જમા કરાવશે. જિલ્લાના ડાયટે પ્રાપ્ત તમામ માહિતીનું વિષયવાર ધોરણવાર સંકલન કરી જીસીઇઆરટીને તા. 5મી ઓક્ટોબર, 2020 સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.

**નોંધ – જે શિક્ષક, સી.આર.સી.કૉ, બી.આર.સી.કૉ તેમજ ડાયટ અધ્યાપકે DIKSHA** પ્લેટફોર્મ પર **રજીસ્ટ્રેશન કરાવેલું ન હોય તે સૌ પહેલાં પોતાના નામે રજીસ્ટ્રેશન કરાવે તે જરૂરી છે.**

| | |
|---|---|
| નિયામક | સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર |
| જીસીઇઆરટી, | સમગ્ર શિક્ષા કચેરી, |
| ગાંધીનગર | ગાંધીનગર |

**નકલ રવાના** – પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ (સંલગ્ન કામગીરી કરવા માટે)

# Energized Textbooks સંદર્ભે પ્રતિભાવ આપવા માટેની પ્રક્રિયા

રીત– 1 સદર પત્રમાં દર્શાવ્યા અનુસાર જે શિક્ષક, સી.આર.સી.કૉ., બી.આર.સી.કૉ.ને જે તે મુદ્દાના ક્યુ.આર.કોડ સંદર્ભે પ્રતિભાવ આપવા હોય તો, તેમણે નીચે દર્શાવેલ લીંક કે ક્યુ.આર.કોડ સ્કેન કરી શકશે. આ લીંક કે ક્યુ.આર.કોડ સાથે જોડવામાં આવેલ ગૂગલ ફોર્મ ખૂલશે, જેમાં તમે ધોરણ, વિષય અને પ્રકરણ પસંદ કરી પ્રતિભાવ આપી શકશો.

લીંક – **https://forms.gle/mwEXtnpvxvwUMYpH8**

ક્યુ.આર કોડ –

**અથવા**

રીત–2 જે શિક્ષક, સી.આર.સી.કૉ., બી.આર.સી.કૉ.ને જે તે મુદ્દાના ક્યુ.આર.કોડ સંદર્ભે **લેખિતમાં પ્રતિભાવ** આપવા હોય તો નીચે મુજબના પત્રકમાં પ્રતિભાવ આપવા અને આ સાથેના પત્રમાં દર્શાવ્યા અનુસાર સમયમર્યાદામાં શિક્ષકથી સી.આર.સી.કૉ., સી.આર.સી.કૉ. થી બી.આર.સી.કૉ., બી.આર.સી.કૉ. થી ડાયટ અને ડાયટ થી જીસીઈઆરટી સુધી લેખિત પ્રતિભાવો મોકલી આપવાના રહેશે.

| ધોરણ | વિષય | પ્રકરણ ક્રમ | મુદ્દો | ક્યુ.આર.કોડનો ડાયલ કોડ (જે ક્યુ.આર.કોડની નીચે દર્શાવેલ હશે. | તમારો પ્રતિભાવ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |